ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૭.૭ ડીગ્રી
લઘુતમ : ૧૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૫૫ ટકા

# મોડી રાત સુધી ધમધમતા રાજકીય પક્ષોના મધ્યસ્થ કાર્યાલયો

## મધ્યસ્થ કાર્યાલયો પર ચા-પાણી અને વિવિધ નાસ્તાની જયાફત માણતા કાર્યકરો : રાત્રે રાજકીય ગણિતો મતના મંડાય છે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરમાં રાજકીય ગરમાવો દિવસે નથી વધતો તેટલો રાત્રિના સમયે વધે છે. મતદાનના દિવસો નજીક આવતા જાય છે તેમ તેમ પ્રયાસ પણ વેગીલો કરી દેવામાં આવ્યો છે. ગાંધીનગર ઉત્તર બેઠકના દાવેદારો શહેરી ગ્રામ્ય વિસ્તાર ખુંદી વળ્યા છે. અત્યારના યુગમાં જાગૃત મતદારો અને સોશ્યલ મિડિયા દ્વારા તેજ પ્રચાર પધ્ધતિ અમલમાં આવી હોવા છતાં જૂની પધ્ધતિ મુજબ કાર્યાલયો પર હકડેઠઠ ભીડ જામે છે અને કાર્યકરો-મતદારો વિવિધ ગરમા ગરમ નાસ્તો અને ચાની ચુસ્કી માણતા નજરે પડે છે. ગાંધીનગર શહેરમાંથી ૧૨ ઉમેદવારો ચુંટણી જંગમાં લડી રહ્યા છે ત્યારે તમામ ઉમેદવારોના મધ્યસ્થ કાર્યાલયો સાંજ ઢળતાં જ ધમધમી ઉઠે છે. જમાં ભાજપનું મધ્યસ્થ કાર્યાલય ઘ-સાડા ચાર પાસે, કોંગ્રેસનું ઘ-૫ પેટ્રોલ પંપ પાસે, એનસીપીનું કાર્યાલય સે-૧૭ શોપિંગ સેન્ટરમા, જન વિકલ્પનું કાર્યાલય સે-૨૪ ચાર રસ્તા પાસે સે-૨ ૩માં, આપ પાર્ટીનું કાર્યાલય સે-૨૪માં અને બહુજન સમાજ પાર્ટીનું કાર્યાલય સે-૬-બી ખાતે આવેલ છે. રાજકીય પક્ષોના કાર્યાલયો પર રાત્રી બેઠકો જામે છે. કાર્યકર્તાઓ પાસેથી દિવસભરના કાર્યની સમીક્ષા કરાય છે અને આગામી દિવસે શું કાર્ય કરવાનું છે તેની રણનિતી ઘડાય છે. દિવસે ચુંટણી પ્રચારમાં ન દેખા દેતા રાજકીય આગેવાનો રાત્રે મધ્યસ્થ કાર્યાલયો પર અડીંગો નાંખીને બેઠા હોય છે અને સભા કરતા નજરે પડી રહ્યા હોય છે. જયારે મધ્યસ્થ કાર્યાલય હોવાથી આસપાસના વિસ્તારના કાર્યકર્તાઓ પોતાની રજુઆતો, પ્રશ્નો અને પ્રચાર-પ્રસારની ચીજવસ્તુ લેવા પણ આવતા હોવાથી કાર્યાલયે ભીડ જામેલી નજરે પડે છે. ચુંટણીના દિવસો નજીક આવતા કાર્યાલયો રાત્રિના મોડે સુધી ચાલુ રહે છે. જયારે રાત્રે કાર્યકરો અને મતદારો માટે ચા-પાણી, સાથે બટાકાપૌંવા, ઈટલી-સંભાર, દાળવડા, બટાકાવડા, ગોટા, ખીચું, ગાંઠીયા, પાપડી, ચવાણું સહિતનો નાસ્તો રાખવામાં આવે છે. રોજ નાસ્તાનુ મેનુ બદલાય છે ત્યારે આજના હાઈટેક અને સોશિલય મિડિયાના યુગમાં જાગૃત મતદારો વચ્ચે પણ રાત્રિના સમયે કાર્યાલયો કાર્યકરોથી ધમધમી રહ્યા હોય છે.



## @ગાંધીનગર

● શિવરંજની સંસ્થા દ્વારા જુની રંગભૂમિના ગીતો અને નાટય પ્રયોગ આનંદ તરંગની પ્રસ્તુતિ રાત્રે ૯.૩૦ કલાકે ટાઉનહોલ, સે-૧૭ ખાતે થશે.

● લીમ્બચ માતાજીના મંદિરે સત્યનારાયણ ભગવાનની કથા સવારે ૧૦.૩૦થી ૧૨.૩૦ કલાક દરમિયાન યોજાશે.

● ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા પ્રાર્થના સભા સવારે ૯.૧૫ કલાકે સે-૩૦ અંતિમધામ ખાતે યોજાશે.

● થનગનાટ દ્વારા મ્યુઝિકલ નાઈટ સાંજે ૭.૦૦ કલાકે શિવાલય પાર્ટી પ્લોટ ખાતે યોજાશે.

● ગાંધીનગરના પ્રસિધ્ધ ઝુલેલાલ-સાંઈબાબા મંદિર, સે-૩૦ ખાતે નવનિર્મિત હનુમાનદાદા તથા શનિદેવના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત ઝુલેલાલ મંદિર ખાતે સવારે ૧૦ થી સાંજે ૫ કલાક દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો અને યજ્ઞ યોજાશે. શ્રીફળ હોમવાનો સમય સાંજે ૫.૦૦ કલાકનો રાખવામાં આવેલ છે .

## ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર તરીકે અજયસિંહ ચૌહાણે હવાલો સંભાળ્યો

ગાંધીનગર, તા. ૮

જાણીતા અધ્યાપક ડૉ. અજયસિંહ ચૌહાણે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર ખાતે મહામાત્ર તરીકે તા. ૭-૧૨-૨૦૧૭ના રોજ હોદ્દો ધારણ કર્યો છે. અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યા અને સમગ્ર અકાદમીના સ્ટાફે હાર્દિક સ્વાગત કર્યું હતું.

અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યાએ જણાવ્યું હતું કે, ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાત અને ગુજરાત બહાર સર્જાતા સાહિત્યનું વાતાવરણ પ્રગટે એ માટે કેટલાંક મહત્વના કાર્યક્રમનું આયોજન કરવાનુ છે તેમાં યુવાન મહામાત્રની સેવાનો લાભ મળશે.

ડૉ. અજયસિંહ ચૌહાણે જણાવ્યું છે કે કોઈ પણ પ્રકારના વિવાદ વિના સાહિત્યનો સંવાદ રચાય તે માટેના તમામ કાર્યો, સૌ સાથે મળીને કરીશુ. ડૉ. ચૈહાણ ગુજરાતી વિષય સાથે એમ.એ., એમ.ફી., પીએચડી. થયા છે. તેર વર્ષનો અધ્યાપન અને વહીવટનો અનુભવ છે. આ ઉપરાંત એ સરદાર પટેલ યુનિવર્સિટીમાં સેનેટ સભ્ય તરીકે પણ કાર્ય કરી ચુક્યા છે. એમના પાંચ પુસ્તકો અને પચાસ જેટલા લેખો પ્રગટ થયાં છે. જેને ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાતી સાહિત્ય પરિષદના પારિતોષિકો પ્રાપ્ત થયાં છે.

## આજે માઉન્ટ કાર્મેલ શાળાનો વાર્ષિકોત્સવ ટાઉનહોલ ખાતે યોજાશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરની જાણીતી માઉન્ટ કાર્મેલ શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૧ થી ૫ના વિદ્યાર્થીઓનો વાર્ષિકોત્સવ કાર્યક્રમ તા. ૯ ડિસેમ્બરને શનિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે યોજાશે. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ગુજરાત રાજયના પ્રાથમિક શિક્ષણ વિભાગના ડે. ડાયરેકટર એમ.કે. રાવલ હાજર રહેશે. કાર્યક્રમની શરૂઆત પ્રેયર ડાન્સથી થશે. આ સિવાય ટચ ઓફ ઈન્ડિયા, લાઈફ ઈઝ જર્ની, મ્યુઝીકલ ફિનાલે જેવા કાર્યક્રમો યોજાશે. રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમની પૂર્ણાહૂતિ થશે

# સિવિલમાં સ્વાઈન ફલુ માટે વધુ એક વોર્ડ સજ્જ કરાયો

ગાંધીનગર, તા.૮

શિયાળાના પ્રારંભિક તબક્કામાં જ ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફલુ પોઝીટીવ દર્દી નોંધાયેલ છે. સ્વાઈન ફલુનો કેસ સામે આવતા જ આરોગ્ય તંત્રમાં ચહલ પહલ વધી ગઈ છે ત્યારે આગામી સમયમાં શિયાળાની સ્થિતિને ધ્યાને લઈ સ્વાઈન ફલુના દર્દીઓ નોંધાય તે માટે સિવિલ તંત્રએ સારવાર માટે આગોતરી તૈયારી કરી લીધી છે. અત્યારે હાલના સમયે સિવિલમાં સ્વાઈન ફલુ પોઝીટીવ દર્દીને રાખીને સારવાર આપવાનો અલાયદો વોર્ડ ઉભો કરાયો છે તે ઉપરાંત સ્વાઈન ફલુના લક્ષણો ધરાવતા દર્દીઓ માટે પણ ખાસ એક વોર્ડ ઉભો કરાયો છે. જયારે આગળના સમયમાં સિવિલમાં સ્વાઈન ફલુની ઓપીડી શરુ કરવામાં આવે તેમ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.

સમગ્ર ગુજરાત સહિત ગાંધીનગર જિલ્લામાં પણ થોડા માસ અગાઉ સ્વાઈન ફલુએ હાહાકાર મચાવ્યો હતો. સ્વાઈન ફલુમાં કેટલાક લોકોને જીવ ગુમાવવવાનો વારો આવ્યો હતો. રાજયભરમાં સ્વાઈન ફલુને કાબુમાં કરવા આરોગ્ય વિભાગ દ્વારા કમર કસવામાં આવી હતી. ત્યારે ગાંધીનગર સિવિલમાં પણ સ્વાઈન ફલુના દર્દીઓને પગલે ત્રણ વોર્ડ ઉભા કરાયા હતા. જેમાં એક વોર્ડમાં સ્વાઈન ફલુ જેવા લક્ષણો ધરાવતા હોય તેવા દર્દીઓને રાખીને સારવાર આપવામાં આવતી હતી. જયારે બીજો વોર્ડ સ્વાઈન ફલુ પોઝીટીવ દર્દી માટેનો હતો જેમાં ત્રીજો વોર્ડ સારવાર બાદ રીકવરી આવી હોય તેવા દર્દી માટે તૈયાર કરાયો હતો. જયારે સ્વાઈન ફલુ કંટ્રોલ થઈ જતા તંત્રએ પણ હાશકારો અનુભવ્યો હતો ત્યારે શિયાળાની સિઝનમાં શહેરમાં સ્વાઈન ફલુનો કેસ નોંધાતા તંત્રમાં દોડધામ મચી જવા પામી છે તો બીજી તરફ સિવિલ તંત્રએ પણ આગોતરું આયોજન કરીને વોર્ડ શરુ કરી દીધો છે. તેમજ એક વોર્ડની સાફ સફાઈ કરીને ખાસ કિસ્સામાં તૈયાર રખાયો છે. જયારે સિવિલના આધારભૂત સુત્રોના જણાવ્યા મુજબ શિયાળાની સિઝનને પગલે શરદી-ખાંસી, તાવ સહિત સ્વાઈન ફલુના લક્ષણો ધરાવતા દર્દીઓ દેખાશે તો સ્વાઈન ફલુ ઓપીડી ટુંક સમયમાં શરુ કરવામાં આવે તેવી સંભાવના છે.

## ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા રવિવારે ચૂંટણી કાવ્યો

ગાંધીનગર, તા.૮

મા ગરવી ગુર્જરીના ગાંધીનગરના રહીશો માતૃભાષા-ગુજરાતીના સાહિત્યમાં રસ કેળવે તે માટે ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા સાહિત્યકારોને સાંકળીને અવનવા કાર્યક્રમો યોજવામાં આવે છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીના માહોલને અનુલક્ષીને ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા કવિઓના 'ચૂંટણી કાવ્યો'નો સ્વમુખે પઠનનો કાર્યક્રમ તા. ૧૦ ડીસેમ્બરના રોજ સાંજે પાંચ કલાકે નમન એપાર્ટમેન્ટ, સે-૨૧-ગાંધીનગર ખાતે પ્રમુખ નટવરભાઈ હેડાઉ 'વનવિહારી'ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવશે તો સર્વે રસિકોને પધારવા માટે પ્રવકતા મુળજીભાઈ 'દધિ'એ જણાવ્યું છે.

## આજથી ઉલ્કાવર્ષાનો અવકાશી નઝારો

ગાંધીનગર, તા. ૮

દુનિયાભરના લોકોએ ઓકટોબર-નવેમ્બરમાં આકાશમાં ઉલ્કાવર્ષાનો અદ્‌ભૂત આનંદ મેળવ્યો છે. ત્યારે વર્ષ ૨૦૧૭નો આખરી ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો ડિસેમ્બર તા. ૮મીથી તા. ૧૭ સુધી સ્વચ્છ આકાશમાં નરી આંખે જોઈ શકાશે. રાજયમાં જેમીનીડ્‌સ ઉલ્કાવર્ષાનો આનંદ મેળવવા ભારત જનવિજ્ઞાન જાથાની રાજય કચેરીએ લોકોને અપીલ કરી છે.

'જાથા'ના રાજય ચેરમેન જયંત પંડ્યા જણાવે છે કે દુનિયાભરમાં દર વર્ષે ડિસેમ્બર માસમાં તા. ૮મીથી ૧૭ સુધી જેમીનીડસ ઉલ્કાવર્ષા સ્પષ્ટ અદ્‌ભૂત જોવા મળે છે. દેશ-વિદેશમાં કલાકમાં ૧૦થી ૫૦ અને વધુમાં વધુ ૧૦૦ ઉલ્કાવર્ષા દિવાળીની આતશબાજીના દશ્યો જેવી અવકાશમાં જોવા મળે છે. અવકાશી અજ્ઞાનતાને કારણે આકાશમાં અગ્નિના બિહામણા દશ્યો જોઈ અમુક લોકો અચંબા સાથે હોનારત જેવો ભય અનુભવે છે.

જેમીનીડસ ઉલ્કાવર્ષાનો વરસાદની મહત્તમ તા. ૧૩-૧૪-૧૫ ત્રણ દિવસ શ્રેષ્ઠ માનવામાં આવે છે. આ દિવસોમાં નરી આંખે સ્વચ્છ આકાશમાં સ્પષ્ટ નજારો જોઈ શકાય છે. ઉલ્કાવર્ષા નિહાળવા મધ્યરાત્રિ પહેલા અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે. આ દિવસોમાં ખગોળપ્રેમીઓ દરિયાકિનારે તથા પર્વતીય ખડકાળ, નિર્જન જગ્યાને પસંદ કરી પડાવ નાખશે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી જોવો નજારો આકાશમાં જોવા મળશે.

વિશેષમાં જયંત પંડ્યાએ જણાવ્યુ હતુ કે જેમીનીડસ ઉલ્કાવર્ષા દુનિયાના અમુક ભાગોમાં રીતસર વરસાદની જેમ પડશે. શરૂઆતમાં રાત્રે દર કલાકે ૫ થી ૧૦ કરતા વધીને ૫૦ થી ૧૦૦ ઉલ્કા ખરતી જોવા મળશે. તેની ઝડપ પ્રતિસેકન્ડ ૩૫ કિ.મી. ઝડપે વધીને ૧૩૦ કિ.મી. ઝડપે વધશે. મધ્યરાત્રિ પહેલા અને વહેલી પરોઢે સ્પષ્ટ જોઈ શકાશે. જેમિનિડસ ખુબ ચળકાટ ધરાવવાની સાથે ઝડપથી ફાયરબોલમાં ફેરવાઈ જાય છે. ઉલ્કાવર્ષા પીળા, લીલા અને વાદળી એમ વિવિધ કલરોમાં જોઈ શકાય છે. જેમીનીડ્‌સ ખરતા તારાનું નિર્માણ ૩,૨૦૦ ફાયેથોન તરીકે ઓળખાતા નાના ગ્રહોના ટુકડામાંથી થતુ હોય છે. સદીઓ વીતતાં આ નાના ગ્રહો ઉપગ્રહોમાં ફેરવાઈ જાય છે. ઉલ્કા જ્યારે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છએ ત્યારે તેને મેટીયેર ઉલ્કા તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વી ઉપર રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ વાતાવરણમાં પ્રવેશે છે. દૂરબીન, ફાયરબોલ ફોટોગ્રાફી, તથા ડીઝીટલ ફોટોગ્રાફી કરી શકાય છે. વિશેષ માહિતી માટે મો. ૯૮૨૫૨૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવો.

## સૌરાષ્ટ્ર યુનિ.ના વિદ્યાર્થીએ 'ભરત કવિ : એક અધ્યયન' લઘુશોધ નિબંધ તૈયાર કર્યો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વ પ્રમુખ અને 'પાટનગર પ્રકાશ' સાપ્તાહિકના તંત્રી-નગરના જાણીતા સાહિત્યકાર કવિ ભરત કવિ 'ઊર્મિલ' અંગે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એમફિલના વિદ્યાર્થી ભાવેશકુમાર બી. ગામીતે, સૌરાષ્ટ્ર યુનિ.ના ગુજરાતી ભાષા સાહિત્ય ભવનના પ્રોફેસર ડૉ. અંબાદાન રોહડિયાના માર્ગદર્શનમાં રહી 'ભરત કવિ : એક અધ્યયન' શિર્ષકથી લઘુશોધ નિબંધ તૈયાર કરીને યુનિવર્સિટીને સુપ્રત કર્યો છે. જેમાં ભરત કવિના સહિત્ય જીવનની સઘળી વાતોને વણી લેવામાં આવી છે. જે ગાંધીનગર, સાહિત્યસભા અને નગર માટે એક ખૂબ જ ગૌરવપૂર્ણ બાબત છે. તાજેતરમાં પ્રખર સાહિત્યકાર રાધેશ્યામ શર્મા દ્વારા, સાક્ષાત્કાર શ્રેણી અંતર્ગત સર્જિત પુસ્તક 'સાક્ષરનો સાક્ષાત્કાર'માં પણ એમને સ્થાન આપવામાં આવ્યું છે. ભરત કવિને સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉ, ઉપપ્રમુખ સંજય થોરાત, મહામંત્રી કલ્પેશ પટેલ, પ્રવકતા મૂળજીભાઈ પરમાર 'દધિ', સહમંત્રી ભીખુ કવિ, કોષાધ્યક્ષ હસમુખ મેકવાન, આંત. ઓડી. મહેન્દ્ર રાઠોડ અને કા.સભ્યો રમેશ ઠકકર, અનંત પટેલ, સોમભાઈ પટેલ, જય ઓઝા, રમણભાઈ શ્રીમાળી અને નટુભાઈ ગજ્જર તરફથી ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

## મતદાન દિને જાહેર રજા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લામાં તા.૧૪/૧૨/૧૭ના શુક્રવારના રોજ યોજાનાર વિધાનસભાની સામાન્ય ચુંટણી-૨૦૧૭ અન્વયે ૧૯૫૧ના લોકપ્રતિનિધિત્વ અધિનિયમમાં સને.૧૯૯૬ના લોક પ્રતિનિધિત્વ (સુધારા) અધિનિયમથી દાખલ કરવામાં આવેલ કલમ-૧૩૫(બી) અનુસાર મતાધિકાર ધરાવતી વ્યકિત, કોઈ પણ ધંધા, રોજગાર, ઓદ્યોગિક એકમો કે અન્ય કોઈ પણ સંસ્થામાં નોકરી કરતા હોય તો તેમને મતદાનના દિવસે સવેતન રજા આપવાની જોગવાઈ છે. આ અનુસાર ગુજરાત વિધાનસભા મતવિભાગની સામાન્ય ચુંટણી-૨૦૧૭ માં સમાવિષ્ટ વિસ્તારમાં ઉકત દિવસે ચુંટણીઓમાં મતદાન કરવાના હેતુસર રજા આપવી. આ જોગવાઈનું ઉલ્લંઘન કરનાર માલીક/નોકરી દાતા દંડ, શિક્ષા પાત્ર રહેશે. જેની નોંધ લેવા નાયબ જિલ્લા ચુંટણી અધિકારી ગાંધીનગરની એક યાદીમાં જણાવાયું છે.

## જી.એસ.ટી અંગેના કોર્ષમાં જોડાવવા જોગ

ગાંધીનગર, તા.૮

નિયામકશ્રી, રોજગાર અને તાલીમ દ્વારા રાજયની આઈ.ટી.આઈ તથા કોમર્શીયલ ટેક્ષ ખાતાના સંયુકત ઉપક્રમે જી.એસ.ટી અંગેના કોર્ષની તાલીમ યોજાનાર છે. આ તાલીમ મેળવનારને સરકારી તેમજ ખાનગીક્ષેત્રે રોજગારની તકો વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત થશે. આથી જી.એસ.ટી વિષય પર આઈ.ટી.આઈ ખાતે નવો કોર્ષ શરૂ થનાર હોઈ તેમાં જોડાવવા ઈચ્છતા ગાંધીનગર જિલ્લાના સ્નાતક કક્ષાના રસ ધરાવતા ઉમેદવારોએ પોતાની અરજી અને બાયોડેટાની ઝેરોક્ષ નકલ તા. ૧૧ થી ૨૨ ડિસેમ્બર, ૨૦૧૭ સુધીમાં જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર, સી-વીંગ, પહેલો માળ, સહયોગ સંકુલ, પ્રથિકાશ્રમ પાસે, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે મોકલી આપવા રોજગાર અધિકારી(જનરલ)એ જણાવ્યું છે.

## સાતમા પગારપંચનો અમલ કરવા નાણાંમંત્રીને રજુઆત

ગાંધીનગર, તા.૮

રાજયના કર્મચારીઓ તથા પેન્શનરોને સાતમા પગારપંચનો કેન્દ્રના ધોરણે સંપૂર્ણ અમલ કરવો જોઈએ તે રાજય સરકારે કરેલ નથી. પેન્શનરોને સાતમા પગાર પંચના એરીયર્સની રકમ ચુકવવી, મેડીકલ ઘરભાડા ભથ્થા કેન્દ્રના ધોરણે ચુકવવા જોઈએ જેનો કોઈ નિર્યણ કરેલ નથી. પરિણામે કર્મચારી-પેન્શનરોમાં રોષની લાગણી ફેલાઈ છે. ચૂંટણીમાં પડઘો પડે તે પહેલાં કર્મચારીઓના પડતર પ્રશ્નોનો નિકાલ લાવવો જોઈએ. ચૂંટણી પંચની મંજૂરી લઈ જાહેરાત કરવી જોઈએ તેમ કેશરીસિંહ બિહોલા પ્રમુખ ગાંધીનગર વસાહત મહાસંઘ તરફથી નાણામંત્રી નિતીનભાઈ પટેલને રજુઆત કરેલ છે.

# નોટબંધી મુદ્દે હિલવુડ્‌સની યુએન કોન્ફરન્સમાં ચર્ચા યોજાઈ

## હિલવુડ્‌સ સ્કૂલ ખાતે મોડેલ યુએન કોન્ફરન્સનો પ્રારંભ : બે દિવસીય કોન્ફરન્સમાં ૧૨૫ વિદ્યાર્થીઓ વિવિધ દેશોના પ્રતિનિધિની ભૂમિકા ભજવી રહ્યા છે







ગાંધીનગર, તા.૮

રાજયમાં ચોતરફ વિધાનસભાની ચૂંટણીઓનો માહોલ સર્જાયો છે અને બીજી તરફ સંસદના શિયાળુ સત્રની રાહ જોવાઈ રહી છે. આ સંજોગો યુવા વિદ્યાર્થીઓ માટે દેશની લોકશાહી અને તેના માળખાને સમજવા માટે ખૂબ અગત્યના છે. ગાંધીનગરમાં સેકટર-૨૫ જીઆઈડીસી ખાતેની હિલવુડ્‌સ સ્કૂલ ખાતે આજે પ્રારંભ થયેલ 'મોડેલ યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ' વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય મુદ્દે ચર્ચાના મહત્વને જાણવા સાથે સંસદ અને રાષ્ટ્રસંઘની કાર્યવાહી સમજવા ખૂબ જ ઉપયોગી નિવડશે.

હિલવુડ્‌સ મોડેલ યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સમાં અતિથિ વિશેષ પદે પડંતિ દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટીની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના ડીન તથા ડાયરેકટર ડૉ. નિગમ દવે અને દિલ્હીથી વરિષ્ઠ પત્રકાર મહેન્દ્ર વેદ ઉપસ્થિત રહ્યા હતા. મોડેલ યુએન કોન્ફરન્સમાં ધોરણ-૭ થી ધોરણ-૧૨ના ૧૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિવિધ દેશોના પ્રતિનિધિ તરીકે ભૂમિકા ભજવી હતી. આ કોન્ફરન્સનો વિષય 'નોટબંધી' રાખવામાં આવ્યો હતો. જે અત્યારનો સૌથી વધુ ચર્ચાસ્પદ મુદ્દો છે અને આ મુદ્દે વિદ્યાર્થીઓએ તેમના સંશોધન તથા તેમની સમજના આધારે આત્મવિશ્વાસ સાથે રસપ્રદ દલીલો રજૂ કરી હતી. કિશોર વયના બાળકો માટે નોટબંધી જેવા વિષયે પોતાના વિચારો વ્યકત કરવાનો સોનેરી અવસર આ કોન્ફરન્સ થકી પ્રાપ્ત થયો હતો. આ કોન્ફરન્સ થકી વિદ્યાર્થીઓને રાષ્ટ્રસંઘ જેવી સંસ્થાની કામગીરી તથા તેના મહત્વને સમજવા મળી રહ્યું છે તથા તેમના આત્મવિશ્વાસમાં વધારો થઈ રહ્યો છે.

બે દિવસ ચાલનારા આ કાર્યક્રમનો પ્રારંભ ભારતીય સંસ્કૃતિની પરંપરા અનુસાર દીપ પ્રાગટય સાથે કરવામાં આવ્યો હતો તેમજ સ્વાગત કાર્યક્રમમાં ગણેશ વંદનાનું નયનરમ્ય નૃત્ય શાળાની બાલિકાઓએ પ્રસ્તુત કર્યું હતું. ડૉ. નિગમ દવેએ તેમના પ્રાસંગિક ઉદબોધનમાં દુનિયાની સમસ્યાઓનો હલ હવે નવી પેઢીના હાથમાં છે તેવું જણાવ્યું હતું. જયારે મહેન્દ્ર વેદે આ કાર્યક્રમને વિદ્યાર્થીઓના ભાવિ માટે ખૂબ અગત્યનો ગણાવ્યો હતો.

## ચિરવિદાય

- સ્વ. પ્રજાપતિ સોમાભાઈ માધાભાઈ, ઉ.વ. ૮૦
- સ્વ. મકવાણા સમુબેન સમજીભાઈ, ઉ.વ. ૧૧૦
- સ્વ. બિહોલા સજનબેન તખુજી, ઉ.વ. ૯૦
- સ્વ. મીઠાભાઈ કચરાભાઈ પરમાર, ઉ.વ. ૬૯
- સ્વ. સવિતાબેન મંગાજી ઠાકોર, ઉ.વ. ૭૩
- સ્વ. શાંતાબેન પસાભાઈ પટેલ, ઉ.વ. ૮૫
- સ્વ. લલીતાબેન બળદેવભાઈ વાઘેલા, ઉ.વ. ૨૨
- સ્વ. નારાયણસિંહ તુલસિંહ ચૌહાણ, ઉ.વ. ૬૩